સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

દિલ્હી-ગઢ સાચવવા અહીંના કિલ્લા લઈ જાવ!
ચિરાગ ઘસીને આખું સચિવાલય લઈ જાવ!
દઈ જાવ તાળાં અહીંના વહીવટી તબેલાને -
બાંધી ગુજરાતના ઘોડા લગામ લઈ જાવ!
(આમેય અહીંનું નાહી નાખ્યું છે!?)

હાઈકુ

ચાલશે કામ
અહીં તો સ્ટાફ વિના -
ખાલી જગ્યાથી...

ઈશ્વર સુધી?!
પ્હોંચવા છે પ્રયાસ -
ઊંચી મૂર્તિઓ ?!

ચિંતન

परोक्षे कार्यहन्तारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशं मित्रं विषकुकभं पयोमुखम् ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે તમારી સામે તમારા કાર્યોની પ્રશંસા કરે અને તમારી પીઠ પાછળ તમારું કાર્ય બગાડે તેવા મિત્ર ઉપરથી દૂધ ભરેલા પણ વિષયુક્ત ઘડાની સમાન છે. તેનો ત્યાગ કરવામાં જ ભલાઈ છે.

આવા માણસો તમારી આસપાસમાં હશે જ. તમે તેમને ઓળખતા પણ હશો જ. એ છતાં એ લોકો આજે સુધરશે, કાલે સુધરશે એમ માનીને તમે એમને માફ કરતા રહ્યા છો. જો આપ એમ કરતા હો તો આપ ખોટા છો કારણ કે માફી એવી વ્યક્તિને અપાય કે જેનાથી અજાણતા જ કોઈ ભૂલ થઈ જાય છે.

એટલું જ નહીં, આપને એવી પણ ખાતરી હોય કે માફી આપ્યા પછી ભવિષ્યમાં એ વ્યક્તિ દ્વારા આવી ભૂલનું પુનરાવર્તન નહીં થાય. આવા સંજોગોમાં માફી આપવાની એ માણસાઈની નિશાની છે, પણ જે વ્યક્તિ જાણી જોઈને ભૂલ કરી છે. એક, બે વાર નહીં, વારંવાર કરે છે. એને માફી આપવી માણસાઈ નહીં, પણ મૂર્ખામીની નિશાની છે.

સુવિચાર

- ગલત વો નહીં થૈ, જિન્હોંને ધોખા દિયા, ગલત તો હમ હી થૈ... જિસને મૌકા દિયા - **SMS**
- 'યુ ટર્ન' ખરેખર તો શીખવે છે કે ખુદનું પરિવર્તન કરવાનું છે,
  બીજાના પરિવર્તનની રાહ ન જુઓ - **બી.કે. શિવાની**
- સંતાપથી પીડિત આત્માને શાંતિ - સમાધિનો અનુભવ ન થઈ શકે - **જીવનદર્શન**
- ક્ષમા આત્મસાત કરવી પડે છે, ક્રોધ તો નિમંત્રણ વગર આવે છે - **અખંડ આનંદ**
- માણસ પ્રેમની દીક્ષા પામ્યા પછી જ (મન) મંદિરમાં પ્રવેશપાત્ર બને છે - **જોગી જસદણવાળા**
- સંબંધમાં ક્યારેય બંધનના હોય,
  જેટલી શ્રદ્ધાની સરવાણી વહેતી કરશો એટલો સંબંધ મજબૂત બનશે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પાંચ ટીપા પાણીમાં લસણનો રસ દસ ટીપા મેળવી પીવાથી બીપીમાં ફેર પડે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સુખની શોધમાં બહાર ભટકવાની સ્હેજેય જરૂર નથી. સાચુ સુખ પોતાની અંદર જ છે. મનને સુંદર બનાવો અને ઓળખો તો સુખ જ સુખ છે. એક રાજાએ રાજ્યો જીત્યા. પુષ્કળ ધનસંપત્તિના માલિક પણ બન્યા. તેમ છતાં તેમનું મન ઉદાસ રહેતું હતું. વિશાળ રાજ્ય તથા અખૂટ સંપત્તિ અને જાહોજલાલી હોવા છતાં કંઈક તણાવ કંઈક હતાશા ને કારણે તેઓ બીમાર પડ્યા. રાજવૈદ્યને સારવાર માટે બોલાવ્યા તો તેમણે કહ્યું, 'રાજા થોડી જ વારમાં સાજા થઈ શકે તેમ છે. એમના માટે એવી શ્રીમંત વ્યક્તિના કપડા લાવો જે તન-મન-ધનથી ખૂબ સુખી હોય.' રાજાએ તરત મંત્રીને દોડાવ્યા. તે કહ્યું, 'જાઓ,નગરશેઠના કપડા લઈ આવો.' મંત્રીએ નગરશેઠને રાજાના હુકમથી વાત કરી. ત્યારે નગરશેઠે કહ્યું, 'મંત્રીજી, એક ના બદલે દસ જોડી કપડા લઈ જાઓ પરંતુ હું તન-મન-ધનથી સુખી નથી.' આવો જવાબ સાંભળી મંત્રી બીજા શેઠને ત્યાં ગયા. ત્યાં પણ મંત્રીને પહેલો જોવો જ જવાબ મળ્યો. સાંજે નિરાશ થઈને મંત્રી રાજમહેલ તરફ જતા હતા ત્યાં નદી કિનારે ઝાડ પરથી મધુર વાંસળીનો સ્વર સંભળાયો. મંત્રીને લાગ્યું આટલી લગનથી મધુર વાંસળી વગાડનાર જરૂર તન-મન-ધનથી સુખી હશે. મંત્રીએ ઝાડની ડાળે જોયું તો એક યુવાન મસ્તીમાં વાંસળી વગાડી રહ્યો હતો. મંત્રીએ કહ્યું, 'ભાઈ, તું ખૂબ ખુશ લાગે છે, લાવો તમારા કપડા, રાજાને સાજા થવા માટે જોઈએ છે.' યુવાન જોરથી હસીને બોલ્યો, 'મહાશયમ મારી પાસે તો કપડાં જ નથી. હું તો પાંદડાથી શરીરને ઢાંકીને બેઠો છું.' મંત્રીએ રાજમહેલ જઈને રાજાને વાત કરી. રાજા સમજી ગયા કે સુખ ભૌતિક વસ્તુઓના સંગ્રહમાં નથી, તેની શોધ તો આપણા આંતરમનમાં જ પૂર્ણ થાય છે.

રાહુલનો અભિગમ ઉપકારક બનશે

તંત્રીસ્થાનેથી...

આગામી લોકસભાની ચૂંટણી એ ફક્ત રાહુલ ગાંધી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે જ પ્રતિષ્ઠાની ચૂંટણી નથી. આ ચૂંટણી દેશના ખૂણે ખૂણે પથરાયેલા પ્રભાવક નેતૃત્વ સામેનો પણ મસમોટો પડકાર બની રહેવાની છે. મોદી સિવાય ભાજપ પાસે રાષ્ટ્રીય કક્ષાએ ટકે એવો કોઈ ચહેરો નથી. ચાર વર્ષ પૂર્વે તો અડવાણીથી લઈ સુષમા સ્વરાજ સુધીની પ્રતિભાઓ આ સર્વોચ્ચ પદની આકાંક્ષા સેવી શકતી હતી. મોદીએ એમને પોતપોતાની હેસિયત બતાવી દીધી છે. કોંગ્રેસ પાસે પ્રણવ મુખર્જી જેવા બૌદ્ધિક નેતા હતા, જેમને એણે અકાળે વેડફી માર્યા. કાશ્મીરના મહારાજા ડૉ. કર્ણસિંહ પણ વડાપ્રધાન તરીકે શોભે એવા હતા. પરિવારના રાજકારણમાંથી બહાર નહીં નીકળી શકતી કોંગ્રેસે નહેરુ પછી ઈંદિરા, ઈંદિરા પછી રાજીવ અને રાજીવ પછી સોનિયાને તાજ પહેરાવી વજૂદ ઘડાવવાનું જ કામ કર્યું છે. રાહુલ ગાંધી કરતાં ઘણા વધારે શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતાઓ કોંગ્રેસમાં આજે પણ છે, પરંતુ પરિવારવાદના રોગથી પીડાતા પાર્ટી એમને ક્યારેય નંબર વન સ્થિતિએ નહીં પહોંચવા દે. વચ્ચે ડૉ. મનમોહનસિંહ જેવા તજજ્ઞ વડાપ્રધાન આવ્યા પણ એ માત્ર શોભાના ગાંઠિયા હતા. કોંગ્રેસની કમાન તો ગાંધી પરિવારના હાથમાં જ હતી. આ કઠોર વાસ્તવનો લાભ થયો હશે એ કરતાં કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષને એથી લાંબા ગાળાનું નુકશાન વધારે થયું છે. રાહુલને કોંગ્રેસની સુવાંગ જવાબદારી સુપરત કરીને માતા સોનિયા હવે એમના રાજકુંવરના રાજયારોહણની પ્રતીક્ષા કરતાં હોય તે સમજી શકાય એમ છે. પરંતુ છેલ્લાં દસેક વર્ષ દરમિયાન રાહુલ ગાંધીએ પ્રજાને પ્રભાવિત કરી શકે તેવી પ્રતિભાનાં એકે વાર દર્શન કરાવેશ નથી. એથી વિપરીત વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકારણના અભિનય સમ્રાટ સાબિત થયા છે અને એમની સામે ટકી શકે એ બરનું રાહુલ કે અન્ય કોઈ કોંગ્રેસી નેતાનું ગજું જ નથી. છતાં એ પણ સાચું કે મોદીનાં મોટા ભાગનાં વચનો ઠાલાં નીવડ્યા છે અને પ્રજામાં એમનો અગાઉ જેવો પ્રભાવ રહ્યો નથી. તેઓ એનડીએના ઘટક પક્ષો સાથે પણ સુમેળભર્યા સંબંધો જાળવી શક્યા નથી. આથી મોટા ભાગે આગામી ચૂંટણીમાં એમને ભાજપના નિશાન પર શક્ય એટલી વધારે બેઠકો પર ચૂંટણી લડવી પડશે જ્યારે રાહુલ ગાંધીએ તેથી તદ્દન વિપરીત ઘણી બધી બેઠકો ગઠબંધનના સાથીઓ સાથે છોડી દેવી પડશે. આ બધી પળોજણમાં મૂળ કોંગ્રેસી આગેવાનો નારાજ પણ થશે, મહત્વાકાંક્ષી નેતાઓને ભાજપવાળા ખેંચી પણ જશે. રાહુલ ગાંધી સામે પાર્ટીને આવા રકાસમાંથી ઉગારવાની પણ ચેલેન્જ છે. બીજી તરફ ગઠબંધનના સાથીઓ પણ રાહુલના નેતૃત્વમાં ચૂંટણી લડવા તૈયાર ન થાય તે સમજી શકાય એમ છે. રાહુલે કોંગ્રેસની વર્કિંગ કમિટી સમક્ષ પોતે વડાપ્રધાન પદ માટેના ઉમેદવાર હોવાનું જાહેર કર્યું છે પરંતુ સાથી પક્ષો એમના નેતૃત્વની નકારાત્મક અસરોથી વાકેફ છે. વળી તૃણમૂલ કોંગ્રેસનાં નેતા મમતા બેનર્જી અને બહુજન સમાજ પાર્ટીના સર્વેસર્વા માયાવતી ઉપરાંત સમાજવાદી પાર્ટીના યુવા નેતા અખિલેશ યાદવ જેવા મહત્વાકાંક્ષી નેતાઓ પણ યુપીએ સત્તામાં આવે તો વડાપ્રધાન પદની રેસમાં આવી જશે. આ ઉપરાંત દક્ષિણ ભારતીય પ્રાદેશિક પક્ષો પૈકી ડીએમકે અને તેલુગુ દેશમના નેતાઓ તથા ખુદ પૂર્વ વડાપ્રધાન દેવગૌડાની દાઢ સળકી શકે. કર્ણાટકમાં વધુ બેઠકો મેળવ્યા છતાં કોંગ્રેસે દેવગૌડાના પુત્ર કુમારસ્વામીને મુખ્યમંત્રી બનાવવા પડ્યા હતા તે દાખલો લઈ તમામ પ્રાદેશિક પક્ષોના ક્ષત્રપો વડાપ્રધાન માટેની રેસમાં સીધા નહીં તો આડકતરી રીતે સામેલ થઈ જશે. રાહુલને આ મુદ્દો સમજાઈ ગયો છે. એથી એમણે પણ ખુલ્લા મનથી અન્ય પક્ષોના આગેવાનને વડાપ્રધાન પદે સ્વીકારવાની તૈયારી દર્શાવી છે. યુપીએ ગઠબંધન માટે આ ઑફર પ્રોત્સાહક સાબિત થશે તે નક્કી.

ગુરુપૂર્ણિમા એટલે ગુરુએ સ્વમૂલ્યાંકન કરવાનો દિવસ

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ મહિનાઓ જેમ કે, કારતક, માગશર, પોષ વગેરે છે. આ દરેક મહિનામાં મોટેભાગે કોઈને કોઈ તહેવાર વિશિષ્ટ દિવસ જોવા મળે છે. એ રીતે અષાઢી પૂનમ એટલે ગુરુ પૂર્ણિમાનો દિવસ. જેમાં મોટા ભાગે શિષ્યો પોતાના ગુરુને યાદ કરે, મળવા જાય, આપેલા જ્ઞાન માટે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરે વગેરે...

આજે પણ શાળાઓમાં આ દિવસ મોટાભાગે ઉજવવામાં આવે. જો શાળામાં રજા હોય તો આ દિવસને આગળ કે પાછળના દિવસે ઉજવવામાં આવે છે. પણ ઉજવાય છે ખરો. પરંતુ અફસોસની વાત એ પણ છે કે કૉલેજ કક્ષાએ ગુરુ પૂર્ણિમાનો દિવસ ઉજવાતો નથી. હા... કેટલીક શિક્ષણ - પ્રશિક્ષણની કૉલેજમાં ક્યાંક-ક્યાંક ઉજવાય છે. શું કૉલેજના વિદ્યાર્થીઓ આજે ગુરુ મહિમા નથી, કે મહિમાવાન વગરના ગુરુઓને કૉલેજના વિદ્યાર્થીઓ ઓળખી ગયા છે ? કારણ કે જે હોય તે પણ કૉલેજમાં ગુરુપૂર્ણિમાનો દિવસ ઉજવાતો નથી. તે હકીકત છે અને દુઃખદાયક પણ છે. પ્રાથમિક શાળામાં રહેલો વિદ્યાર્થી પોતાના ગુરુ શિક્ષકને ભગવાન તરીકે જુએ છે. તે જ કહે તે જ સાચું, દુનિયા ખોટી. અરે પોતાના માબાપ પણ ખોટા, અહીં મારા અનુભવનું એક ઉદાહરણ આપું. રમેશભાઈ ગોદરામાં અધ્યાપક તરીકે સેવા બજાવતો હતા. ત્યારે તેમના પુત્ર ધોરણ-૬માં પ્રાથમિક શાળામાં ભણતો હતો. એટલું જ નહીં ગણિતના ધોરણ-૬ના પાઠ્યપુસ્તકનો તે પરામર્શક હતા. તેમના પુત્રને ગણિત અને વિજ્ઞાન શીખવતો હતા. કોઈ પ્રકરણમાં તેને વધારે મુશ્કેલી હતી. એટલે તેને કહ્યું કે આ દાખલો બીજી રીતે પણ ગણી શકાય. પુત્રએ વિરોધ કર્યો કે ના દાખલા તમે કહો છો તે રીતે ન જ કરાય. મારા શિક્ષક બહેને અમને તમે કહો છો તે રીતે નથી શીખવ્યું. તમને ગણિત બરાબર નથી આવડતું. ત્યારબાદ કેટલાક દિવસ સુધી રમેશભાઈનો પુત્ર ગણિત શીખવા જ ન બેસે. તે એવું જ માનતો હતો કે મારા શિક્ષકે શીખવાડ્યું એ જ સાચું. તે જ રીતે કરાય. દુનિયામાં બીજી કોઈ રીતે હોય જ નહીં મારા શિક્ષકથી વધારે કોઈને જ ન આવડે. નાના બાળકોને પ્રાથમિક શાળામાં ભણે છે તેમને માટે તેમના શિક્ષક એટલે સર્વોપરી ભગવાન. પણ આજ બાળકને માધ્યમિક શાળાના શિક્ષકોને શંકાની નજરે જુએ. અને જ્યારે તે જ બાળક કૉલેજમાં આવે એટલે જોઈ લેવાની વાત કરે છે. એટલે જેમ-જેમ બાળક મોટું થતું જાય તેમ જ શિક્ષક પ્રત્યેનો આદર ઘટતો જાય છે.

શિક્ષક રસ્તા પરથી પસાર થતા હોય તો આવા ભૂતપૂર્વ વિદ્યાર્થી પગે લાગે અને તે આનંદ એક લોટરી લાગ્યા કરતા પણ વધારે હોય છે. આવો આનંદ જે શિક્ષક ને વારંવાર થાય તે સફળ શિક્ષક, તેવા શિક્ષકને આ ગુરુ પૂર્ણિમા એ લાખ લાખ વંદન. શિક્ષક પોતાના સેવાકાળ દરમિયાન જો પાંચ-સાત વિદ્યાર્થી માટે રોલ મોડલ ન બની શકે. તો શિક્ષકે વિચારવાનું કે તેણે મજૂરની જેમ મજૂરી કરી છે. શિક્ષણનું કાર્ય કર્યું નથી. શિક્ષકે પોતાના આદર્શ દ્વારા - પોતાના વિચારો દ્વારા વિદ્યાર્થીને જીતવાનો છે. આ માટે સીધા પ્રયત્ન કરવાની જરૂર નથી. આ કામ મૌલિક રીતે થવું જોઈએ. જેમાં ધીરજની પણ જરૂર છે.

આમ, ગુરુ પૂર્ણિમાનો દિવસ એટલે શિષ્યે પોતાના ગુરુના આશીર્વાદ લેવાનો દિવસ નહિ, પણ દરેક ગુરુઓ કે શિક્ષક પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનો દિવસ એમ પણ કહી શકાય. જો શિક્ષકો આ રીતે મૂલ્યાંકન કરે છે અને પોતાની જાતમાં જરૂરી પરિવર્તન લાવે છે, તે ઝડપથી સફળ થાય છે. બાકીના શિક્ષકો પેલા મજૂરની જેમ પગાર લે છે અને નોકરી કરે છે. તેમના માટે ગુરુ પૂર્ણિમા દિવસ મારા તમામ ગુરુઓને મારી વતી વંદન.

સંસ્કૃતમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પ્રથમ સાહિત્યકાર કોણ છે?

એવોડઝ

૧ રવિન્દ્રનાથ ટાગોરની કઈ કૃતિને ૧૯૧૩માં નોબેલ પ્રાઈઝ મળ્યું છે?
(અ) કાબુલીવાલા (બ) ગીતાંજલી
(ક) ગોરા (ડ) ધ પોસ્ટ ઑફિસ

૨ સાહિત્યમાં નોબેલ પ્રાઈઝ મેળવનાર ભારતીય મૂળના પ્રથમ સાહિત્યકાર કોણ હતા ?
(અ) વી.એસ. નાયપોલ (બ) ટી.એસ. ઈલીયોટ
(ક) બોબ ડીલન (ડ) પેટ્રીક મોડીયાનો

૩ સરસ્વતી સન્માન વાચસ્પતિ પુરસ્કાર અને વ્યાસ સન્માન કઈ સંસ્થા દ્વારા અપાય છે ?
(અ) સાહિત્ય અકાદમી (બ) ભારતીય જ્ઞાનપીઠ સમિતિ
(ક) કે કે બીડલા ફાઉન્ડેશન (ડ) સાહિત્ય સભા

૪ સમાજ સેવા ક્ષેત્ર માટે નીચેનામાંથી કયો પુરસ્કાર અપાય છે ?
(અ) બારલોગ પુરસ્કાર (બ) શાંતિ ભટનાગર સ્વરુપ એવોર્ડ
(ક) ધનવંતરી પુરસ્કાર (ડ) જમનાલાલ બજાર એવોર્ડ

૫ ૧૯૬૫માં પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ કોને અપાયો હતો ?
(અ) ઉમાશંકર જોષી (બ) જી શંકર કુરુપ
(ક) પન્નાલાલ પટેલ (ડ) આશાપૂર્ણા દેવી

૬ સૌપ્રથમ મૂર્તિદેવી પુરસ્કાર કોને એનાયત થયો હતો ?
(અ) સી. કે.નાગરાજન (બ) મનુભાઈ પંચોળી
(ક) ડૉ. હરિવંશરાય બચ્ચન (ડ) પ્રો. ગોવિંદચંદ્ર પાન્ડે

૭ સંસ્કૃતમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પ્રથમ સાહિત્યકાર કોણ છે ?
(અ) કે.વી. પુટપ્પા (બ) સત્યવ્રત શાસ્ત્રી
(ક) ગોપીનાથ મોહંતી (ડ) તારાશંકર બંદોપાધ્યાય

૮ કાલીદાસ સન્માન કઈ સરકાર દ્વારા અપાતો કલાજગતનો પુરસ્કાર છે?
(અ) મધ્યપ્રદેશ (બ) ઉ. પ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) બિહાર

૯ શાસ્ત્રીય સંગીત માટેનો તાનસેન સન્માન કઈ સરકાર દ્વારા અપાય છે ?
(અ) મધ્યપ્રદેશ (બ) રાજસ્થાન
(ક) ગુજરાત (ડ) હરિયાણા

૧૦ વિશ્વ ખાદ્ય સંગઠન દ્વારા કયો પુરસ્કાર અપાય છે ?
(અ) ટાયલર પુરસ્કાર (બ) વી.ડી. ગોયન્કા
(ક) ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર (ડ) બોરમયા

૧૧ શૈક્ષણિક સંસ્થાઓમાં વિજ્ઞાન શિક્ષકને લોકપ્રિય બનાવવા કયો પુરસ્કાર અપાય છે ?
(અ) આઈન્સ્ટાઈન પુરસ્કાર (બ) ડૉ. વિક્રમસારાભાઈ પુરસ્કાર
(ક) સી.વી. રામન પુરસ્કાર (ડ) ન્યુટન પુરસ્કાર

૧૨ ડેવિડ કોહન પુરસ્કાર કયા દેશનો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર છે ?
(અ) ઈંગ્લેન્ડ (બ) સ્કોટલેન્ડ
(ક) ફ્રાંસ (ડ) જર્મની

૧૩ મહાત્મા ગાંધી શાંતિ પુરસ્કાર કોના દ્વારા અપાય છે ?
(અ) ગાંધી ફાઉન્ડેશન (બ) ભારત સરકાર
(ક) ગૂજરાત વિદ્યાપીઠ (ડ) હરિઓમ આશ્રમ

૧૪ તાન્ઝાનિયાના પૂર્વ રાષ્ટ્રપતિ જુલિયસ નેર્રરને કયો એવોર્ડ મળ્યો હતો ?
(અ) આંતરરાષ્ટ્રીય સદ્ભાવના (બ) મહાત્મા ગાંધી શાંતિ પુરસ્કાર
(ક) ટાગોર એવોર્ડ (ડ) ડેવિડ કોહન એવોર્ડ

૧૫ રાજેન્દ્ર શાહ સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રથમ સાહિત્યકાર કોણ છે ?
(અ) રાજેન્દ્ર શાહ (બ) રમેશ પારેખ
(ક) જયોતિન્દ્ર દવે (ડ) મહાદેવ દેસાઈ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૨૭ જુલાઈ :**
- પુનિત સેવાશ્રમના સ્થાપક પુનિત મહારાજનું અવસાન (૧૯૬૨)
- પૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક ડૉ. એપીજે અબ્દુલ કલામનું નિધન (૨૦૧૫)
- જશપાલ રાણાએ વિશ્વ શૂટીંગ ચેમ્પિયનશીપ જીતી (૨૦૧૦)
- ક્રિકેટમાં ચપળ અને ચિત્તા જેવી ઝડપ એવા જોન્ટી રોડ્સનો જન્મદિવસ (૧૯૬૯)
- **૨૮ જુલાઈ :** (વન મહોત્સવ દિવસ)
- સ્પેને સોવિયેત સંઘને માન્યતા આપી (૧૯૩૩)
- ચૌધરી ચરણસિંહ વડાપ્રધાન બન્યા (૧૯૭૯)
- કે.કા. શાસ્ત્રીની જન્મજયંતિ (૧૮૯૧)
- સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા અનિલ જોષીનો જન્મદિવસ (૧૯૪૦)
- **૨૯ જુલાઈ : (ઈન્ટરનેશનલ ટાઈગર ડે)**
- તાતા ઉદ્યોગ સમુહના જે. આર.ડી તાતાનો જન્મદિવસ (૧૯૦૪)
- ગુલામોના મુક્તિદાતા વિલિયમ વિમ્બર ફોર્સનો જન્મદિવસ (૧૮૩૩)
- ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું અવસાન (૧૮૯૧)
- આંતરરાષ્ટ્રીય પરમાણુ આયોગની સ્થાપના કરવામાં આવી (૧૯૫૭)
- મોસ્કો ઓલમ્પિકમાં ભારતે હોકીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો (૧૯૮૦)
- બીબી દ્વારા રેડિયો પ્રસારણ સેવા શરુ થઈ (૧૯૪૯)
- **૩૦ જુલાઈ :**
- રમણલાલ પાઠકની જન્મ જયંતિ (૧૯૨૨)
- બેલ્જિયમમાં રંગભેદ વિરોધી કાયદો આવ્યો (૧૯૮૧)
- રાઈટસ બ્રધર્સ દ્વારા અમેરિકન સેના માટે બનાવેલ વિમાન સોપાયું (૧૯૦૯)
- સ્વાતંત્ર્ય સેનાની એસ. મુથ્થુલક્ષ્મીનો જન્મ દિવસ (૧૮૮૬)
- ફોર્ડ કાર બનાવનાર હેનરી ફોર્ડનો જન્મદિવસ (૧૮૬૩)
- **૩૧ જુલાઈ :**
- હિન્દી ભાષાના સમર્થ સાહિત્યકાર મુનશી પ્રેમચંદનો જન્મદિવસ (૧૮૮૦)
- હિન્દી ફિલ્મીગીતોના પાર્શ્વગાયક મોહંમદ રફીનું અવસાન (૧૯૮૦)
- અંતરીક્ષ યાન સોયુઝ-૩૭ પૃથ્વી પર પાછું આવ્યું (૧૯૮૦)
- પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનો જન્મદિવસ (૧૯૪૭)
- **૧ ઓગસ્ટ :** (વિશ્વ સ્તનપાન દિવસ)
- નીડર સત્યાગ્રહી કમલા નહેરુનો જન્મદિવસ (૧૮૯૯)
- કલાગુરુ રવિશંકર રાવળનો જન્મદિવસ (૧૯૮૨)
- મીરાંકુમારીનો જન્મ દિવસ (૧૯૩૨)
- **૨ જી ઓગસ્ટ :** (દાદરા નગર હવેલી મુક્તિ દિવસ)
- ટેલિફોનના શોધક ગ્રેહામ બેલનો જન્મદિવસ (૧૮૪૭)
- ભારતના રસાયણશાસ્ત્રી ડૉ. પ્રફુલ્લચંદ્ર રોયનો જન્મદિવસ (૧૮૬૧)
- બ્રિટનની સંસદે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી ભારતનો વહીવટ સંભાળવાનું વિધેયક પસાર કર્યું (૧૮૫૮)
- ભારતીય તિરંગાના ડિઝાઈનર પિંગળી વૈંકેયાનો જન્મ (૧૮૭૬)

ગત સપ્તાહના સવાલનો જવાબ

અમદાવાદના મેયર તરીકે કયાં મહિલા નેતાની તાજેતરમાં નિયુક્તિ કરવામાં આવી?

જવાબ : બિજલ પટેલ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

બિહાર રાજ્યના ઉપમુખ્યમંત્રી કોણ છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ગુરુને પૂનમે 'ગુરુ'નું સ્મરણ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઋષિ અત્રિનું સ્થાન સપ્તર્ષિઓમાં હતું. એમના પત્ની અનસૂયા હતા. આ સતી માં અસૂયા - ઈર્ષ્યા - વગેરે છ દોષો બિલકુલ ન હતા.

એકવાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને એના સતીત્વનું પારખું કરવાનું સૂઝ્યું. તેઓ એની પાસે આવ્યા અને અયોગ્ય પ્રસ્તાવ મૂક્યો. અનસૂયાએ એમને સાવ નાના બાળકો બનાવી દીધા. દેવો એનાથી પ્રભાવિત થયા. એને બાળક જન્મવાનું હતું. ત્રણેય દેવોએ પોતાના અંશો બાળકમાં મૂક્યા. પુત્રનો જન્મ થયો. દેવોએ એનામાં અંશ મૂક્યો હતો. (દત્ત), એ અત્રિ ના પુત્ર હતા (આત્રેય). આથી દત્તાત્રેય તરીકે પ્રસિદ્ધ થયા. એક સાથે ત્રણ દેવોના અવતાર હોય; એવો વીરલ સંયોગ એમનામાં જ હતો.

અનસૂયાએ ત્રણ પુત્રો થયા. દત્તાત્રેય, દુર્વાસા અને સોમ. દત્તાત્રેયને જન્મથી જ વિશિષ્ટ પ્રતિભા હતી. સમજણા થયા, ત્યારથી વનોમાં અને પર્વતોમાં ફર્યા કરે. એને જુદા જુદા અનુભવો થાય, તેમાંથી જ્ઞાન મેળવવા રહે. જેમ કે -

(૧) એણે કોઈ એક વૃક્ષની મોટી ડાળ ઉપર મધપૂડો બંધાતો જોયો. મધપૂડો પૂરેપૂરો બની ગયો. ત્યાં એક શિકારી આવ્યો એણે નીચે ધૂમાડો કરી. મધમાખીઓ બધી ઊડી ગઈ પછી એણે બધું મધ એકઠું કરી લીધું અને જતો રહ્યો. દત્તાત્રેયને વિચાર આવ્યો - 'મધ માખીઓએ ભેગું કર્યું અને ઉપાડી ગયો શિકારી. ધનસંપત્તિનું પણ આવું જ છે. ભેગું કરો, પાસે રહે નહિ, કોઈ ઉપાડી જાય - જતુ રહે. આનો મોહ ન રાખવો - અપરિગ્રહ એણે માખીઓને કહ્યું, - 'તમે મારા ગુરુ છો.'

(૨) નદી કિનારે એ ઊભા હતા. એણે એક માછીમારને જોયો. એ માછળી પકડે. એક લાકડીને છેડે આંકડી હોય. એમા લોટની ગોળી હોય. માછલી ગોળી ખાવા જાય એટલે આંકળીમાં પકડાઈ જાય. આંકડીથી એનું તાળવું વિંધાઈ જાય. દત્તાત્રેયને વિચાર આવ્યો - 'માછલીને ખાવાની લાલચ જાગે છે અને એ પકડાઈ જાય છે. જીભ ઉપર સંયમ નથી. ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવો જોઈએ - ઈન્દ્રિયો ઉપર સંયમ.' એણે માછલીઓને કહ્યું, 'તમે મારા ગુરુ છો.'

આ રીતે એમણે સૂર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી, પાણી, દેવતા, અજગર, માછલું, મધમાખી, પારધી, હોલો, પતંગિયું, કરોળિયો, ભમરી, હરણ વગેરે ચોવીસ ગુરુઓ કર્યા. હવે એ સંપૂર્ણ જ્ઞાની બની ગયા હતા. આ જ્ઞાન એનાં આચરણમાં ઊતરી ગયું હતું. એ માત્ર સંપૂર્ણ જ્ઞાની જ નહિ, સાથોસાથ અવધૂત બની ગયા હતા. એ ઉપદેશ આપતા. ગુરુસ્થાન શોભાવતા. વિશિષ્ટ પ્રકારના ગુરુ હતા. એનો ઉપદેશ આપતા. ગુરુસ્થાન શોભાવતા, વિશિષ્ટ પ્રકારના ગુરુ હતા. એનો ઉપદેશ 'અવધૂત ગીતા' તરીકે જાણીતો છે.

એના ઉપદેશમાં સૌને સમાવી લેનારી સમન્વયવૃત્તિ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના અંશાવનાર છે. એથી એના સ્વરુપમાં ત્રણ મુખ છે. દર્શનો છ છે - વેદાન્ત, મીમાંસા, સાંખ્ય, યોગ, ન્યાય અને વૈશેષિક, આ જાણે કે તેમને હસ્તગત હોય; એ રીતે એમને છ હાથ છે. એમની સાથે કાયમ માટે જુદા જુદા રંગના ચાર શ્વાન છે. એ ચાર વેદના પ્રતીક છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અર્થર્વવેદ.

એ ગુરુ છે, દેવ પણ છે. એટલે એમ જ બોલાય - ગુરુદેવ દત્ત.

'ગુરુ' શબ્દનો તો એ જાણે કે પર્યાય છે. એ બે પર્વતો - આબુ અને ગિરનારના શિખર ઉપર પરતા એ શિખરો 'ગુરુશિખર' જ કહેવાય છે.

માગશર માસની પૂનમ દત્તજયંતિ છે. એમના પ્રાગટ્યનો - જન્મનો દિવસ છે.

પરંતુ અષાઢની પૂનમ ગુરુપૂનમ છે. ભારતીય પરંપરા એ ગુરુને એમના પર્યાય ગણ્યા છે. એટલે આ દિવસે ગુરુદેવ દત્તાત્રેયને શ્રદ્ધાસભર પ્રણામ.